# છૂટાછેડા એક સામાજિક સમસ્યા : એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

સુરેશ એમ. ચૌહાણ

## ૧. પ્રસ્તાવના

આઈ.પી.દેસાઈના મતે સંશોધન એ એક માનસિક પ્રક્રિયા છે. જેમાં સંશોધન પ્રશ્ન પસંદ કરવાથી લઈને અહેવાલ લેખન સુધી જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થવાનું હોય છે. જેમાં સંશોધન પ્રક્રિયાને વૈજ્ઞાનિક રીતે તટસ્થ તેમજ આચાર સંહિતા ને ધ્યાનમાં રાખીને સંશોધનકાર્ય કરવાનું હોય છે. જયારે સંશોધક પ્રશ્ન પસંદ કરે છે. ત્યારે સંશોધનની ડીઝાઈન તૈયાર કરવામાં આવે છે. જેમાં સમગ્ર સંશોધનના સંચાલનની પ્રાથમિક માહિતી સ્પષ્ટ કરવાની હોય છે. પ્રસ્તુત સંશોધનમાં વર્તમાન સમાચાર પત્રોનો વિચાર સાથે જોડીએ તો દિન પ્રતિદિન છૂટાછેડાના કિસ્સાઓ વધતા જાય છે. તેથી પ્રસ્તુત સંશોધન એક સામાજિક સમસ્યા તરીકે છૂટાછેડાને કેન્દ્રમાં રાખીને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૨. સંશોધન પ્રશ્ન

છૂટાછેડા એક સામાજિક સમસ્યા :એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (અમદાવાદ શહેરને કેન્દ્રમાં રાખીને)

## ૩. સંશોધનના હેતુઓ

૧. છૂટાછેડા માટે કયાં કારણો જવાબદાર છે?
૨. છૂટાછેડા લીધેલ બહેનોને કેવી સમસ્યાઓ ભોગવવી પડે છે?
૩. છૂટાછેડા લીધલ સ્ત્રીઓનો સામાજિક દરજ્જો સમજવો.
૪. છૂટાછેડા લીધેલ સ્ત્રીનું પિયરમાં સ્થાન.
૫. છૂટાછેડા લીધેલ સ્ત્રીઓના બાળકોના સામાજિકરણના પ્રશ્નો જાણવા.
૬. છૂટાછેડા લીધેલ સ્ત્રીઓની આર્થિક સમસ્યા સમજવી,
૭. છૂટાછેડા લીધેલ સ્ત્રીઓ પ્રત્યેનો સમાજનો દૃષ્ટિબિંદુ સમજવો.

## ૪. સંશોધન પદ્ધતિ

સંશોધક જયારે સંશોધનકાર્ય હાથ પર લે છે ત્યારે કેવા પ્રકારની માહિતી મેળવવાની છે તેના આધારે સંશોધન પદ્ધતિની પસંદગી કરવાની હોય છે જેમાં, સંખ્યાત્મક માહિતી મેળવવા માટે સર્વેક્ષણ પદ્ધતિ જયારે ગુણાત્મક માહિતી મેળવવા માટે એકમ અભ્યાસ, એફ.જી.ડી. તેમજ સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીકક્ષાનું હોવાને કારણે સંખ્યાત્મક માહિતી મેળવવાના હેતુસર સેમ્પલ સર્વે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૫. સંશોધન પ્રગ્નની પસંદગીનાં પરિબળો

કોઈપણ સંશોધન પ્રશ્ન પસંદ કરવા પાછળના કોઈ ચોક્કસ કારણો જરૂર હોય છે. જેમાં પ્રસ્તુત સંશોધન પ્રશ્ન પસંદ કરવા પાછળનું કારણ છે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ તેમજ એમ.એ. સેમિસ્ટર ૧ અને ૨માં સ્ત્રીઓની સમસ્યાઓમાં છૂટાછેડાની સમસ્યા વિશે સમજ મેળવી હતી તેને વર્તમાન સમયમાં કેવી સ્થિતિ છે. તેને જાણવા માટે પ્રસ્તુત સંશોધન પ્રશ્ન પસંદ કરવાનું પરિબળ બની રહે છે.

## ૬. માહિતીના સ્રોત

સંશોધનમાં માહિતી મેળવવાના સ્રોતની ચર્ચા કરવી અનિવાર્ય છે. જેમાં પ્રાથમિક કે ગૌણ માહિતીને ધ્યાનમાં રાખવામાં આવે છે. પ્રાથમિક કે. ક્ષેત્રકાર્યમાં ઉત્તરદાતાઓ સાથે રૂબરૂ ચચા કરી માહિતી મેળવવામાં આવે તેને પ્રાથમિક માહિતીનો મોત કહી શકાય

જેમાં છૂટાછેડા લીધેલ મહિલાઓને સમસ્યાઓ જાણવા તેમની મુલાકાત એટલે કે પ્રાથમિક માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો હતા એટલે કે માહિતીના સ્રોતમાં પ્રાથમિક માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૭. નિદર્શ પસંદગી.

વીમળ પી.શાહની પુસ્તક સંશોધન ડિઝાઈનમાં નિદર્શ પસંદગી માટે સંભાવનાત્મક અને બિનસંભાવનાત્મક રીતોનો ઉલ્લેખ ર્યો છે. પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીકક્ષાનું હોવાને કારણે બિનસંભાવનાત્મકમાં હેતુપૂર્વક અને ઉપલબ્ધ નિદર્શનો ઉપયોગ કરી નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો સાથે સાથે સ્નોબોલ ટેકનીકનો ઉપયોગ કરી એક છૂટાછેડા લીધે સ્ત્રી પાસેથી અન્ય છૂટાછેડા લીધેલ મહિલાને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી હતી.

### ૮. માહિતી મેળવવાની પ્રયુક્તિ

સેમ્પલ સર્વે પદ્ધતિ દ્વારા જયારે અભ્યાસ કરવાનો હોય ત્યારે માહિતી મેળવવાની પ્રયુક્તિ વિશે સંશોધન ડિઝાઈન બનાવતા સમયે વિચાર કરવો પડે છે. પ્રસ્તુત સંશોધનમાં માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મુલાકાત અનુસૂચિને માર્ગદર્શકના મંતવ્ય પ્રમાણે તૈયાર કરી છૂટાછેડા લીધેલ સ્ત્રીઓ પાસે રૂબરૂ મુલાકાતને આધારે ભરાવવામાં આવી હતી, જેમાં બંધ અને ખુલ્લા એમ બે પ્રકારના પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

### ૯. સંશોધન દરમ્યાન થયેલ અનુભવો

#### *૯.૧ સંશોધન પ્રશ્ન નક્કી કરતા સમયે થયેલ અભ્યાસ*

અમારા વિદ્યાર્થીકાળમાં આ પ્રથમ સંશોધનનો અનુભવ હતો. તેથી ધણા સંશોધન પ્રશ્નો તૈયાર કર્યા હતા, પણ તેમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી જોવાનો અભાવ જણાયો હતો. જયારે માર્ગદર્શકને સંશોધન પ્રશ્નો તૈયાર કરીને બતાવતા ત્યારે ઘણા સંશોધનની સમય અને નાણાંકીય તેમજ નિદર્શ પ્રાપ્ત કંરવાની મર્યાદિઓનો અનુભવ થયો હતો. તેથી છેલ્લા આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને ગૃપમાં છોકરીઓનું પ્રમાણ વધારે હતું તેથી છૂટાછેડા લીધેલ બહેનોનું સામાજિક સ્થિતિને સમજવાનું નક્કી કર્યું હતું.

#### *૯.૨ માહિતી મેળવવા ગયા ત્યારનો અનુભવ*

જયારે અમે છૂટાછેડા લીધેલ. સ્ત્રીઓ પાસે જતા ત્યારે ઘાણી સ્ત્રીઓ માહિતી આપવાનો ઈન્કાર કરતી જયારે ઘણી સ્ત્રીઓ પોતાની માહિતી આપતા આપતા ગુમસુમ કે ગંભીર થઈ જતી તેમની વ્યથા તેમના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. તેમની સમસ્યાઓને જાણીને ઘણું દુ:ખ થતું પરંતુ સંશોધનમાં તટસ્થતાને ધ્યાનમાં રાખી અને પરિસ્થિતિને સાચવવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે એવો વિચાર આવતો કે લગ્ન ન થયા તો જ સારું આવો અનુભવ થયો હતો.

#### *૯.૩ માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ સમયે થયેલ અનુભવો*

વિદ્યાર્થી તરીકે અમારું પ્રથમ સંશોધન હોવાને કારણે માહિતીના કોષ્ટકો બનાવવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હતી. એવો અનુભવ થતો કે કાશ સ્નાતક કક્ષામાં જ સંશોધન કરવાનું શીખ્યા હતો તો કેટલું સારું પરંતુ માર્ગદર્શનનું યોગ્ય માર્ગદર્શન અમારા આ અનુભવના અભાવની મદિઓ દૂર કરવામાં ઘણું સહાયક થયું હતું.

### ૧૦. અભ્યાસનું મહત્વ

- એમ.એ.ની ડિગ્રી મેળવવાનું મહત્વ પ્રથમ દૃષ્ટિએ હતું.
- બહેનો હોવાને કારણે છૂટાછેડા લીધેલ બહેનોની સામાજિક, આર્થિક સ્થિતિને સમજવાનું મહત્વ હતું.
- છૂટાછેડા લીધેલ સ્ત્રીઓને કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે. સમજવાનું મહત્વ.
- પ્રસ્તુત સંશોધનને આધારે સંશોધન કરતા શીખવાનું મહત્વ હતું.
- ભવિષ્યના વિદ્યાર્થીઓને પ્રસ્તુત સંશોધન ઉપયોગી થાય તે મહત્વનું હતું.

**૧૧. મર્યાદાઓ**

- વિદ્યાર્થી તરીકે પ્રથમ સંશોધન હતું તે પ્રસ્તુત અભ્યાસની મર્યાદા હતી.
- નાના નિદર્શને આધારે સર્વ સમાજ માટે સામાન્યીકરણ ન થઈ શકે તે મર્યાદા હતી.
- ઘણીવાર મુલાકાત અનુસૂચિ અધૂરી ભરાતી તે પણ મર્યાદા પ્રસ્તુત સંશોધનમાં હતી.
- માત્ર, અમદાવાદ શહેરમાં વસવાંટ કરતી છૂટાછેડા લીધેલ બહેનોની સામાજિક સ્થિતિને ધ્યાનમાં રાખવામાં આવી હતી.
- ગામડાની છૂટાછેડા લીધેલ બહેનોની સમસ્યાઓ જાણવા જોતી મળી તે પણ એક મર્યાદા છે.
- સંશોધક તરીકેનો અનુભવનો અભાવ પણ પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓ હતી.

**૧૨. તારણો**

પ્રસ્તુત સંશોધનમાં જાણવા મળ્યું હતું કે મોટાભાગની દરેક જ્ઞાતિજૂથોમાં છૂટાછેડાની સમસ્યા જોવા મળી હતી. એટલે કે કોઈ ચોક્કસ જ્ઞાતિ જૂથ સાથે આ સમસ્યા સંકળાયેલી નથી સમાજના દરેક જ્ઞાતિ જૂથને આ સમસ્યા સ્પર્શ કરતી હતી.

- અભ્યાસના મોટાભાગના ૧૬(૮૮%) મહિલાઓએ પોતાની જ્ઞાતિજૂથમાં લગ્ન કર્યા હતા. એટલે કે વડીલ આયોજીત લગ્ન હોવા છતાં છૂટાછેડા થયા હતા. સામાન્ય રીતે સમાજમાં એવી ચર્ચા થાય છે કે આંતરજ્ઞાતિય (લવમેરેજ) અથવા આંતરધર્મીય લગ્નોના છૂટાછેડાનું પ્રમાણ વધારે હોય છે. પરંતુ પ્રસ્તુત સંશોધન પરથી તારણ મળે છે કે માતા-પિતા કે વડીલ યોજીત અંતઃલગ્નપ્રથામાં છૂટાછેડાનું પ્રમાણ વધારે હોય છે.
- અભ્યાસના મોટાભાગના ઉત્તરદાતાઓ (૪૪%) ને સાસરીયાવાળ તરફથી ત્રાસના કારણે છૂટાછેટા લેવા પડયા હતા. આ બાબત સ્ત્રીનો નિમ્ન દરજ્જી સૂચીત કરે છે. બાકી ઉત્તરદાતાઓમાં શંકા, બીજી સ્ત્રી સાથે પતિનો સંબંધ, વ્યસન, બેકારી, પતિ નપુસંક હોય જેવા કારણો જોવા મળ્યા હતા. પણ વધુ પ્રમાણમાં ઘરેલું હિંસાને કારણે સ્ત્રીઓ છૂટાછેડા લેતી હોય છે. તેવું તારણો મેળવી શકાય છે. છૂટાછેડા લીધેલ સ્ત્રીઓમાં મોટાભાગની મહિલાઓને આર્થિક અને સામાજિક સમસ્યાઓ વિશેષ નડતી હતી. જેમાં સમાજના મેણા-ટોણાં સાંભળવા પડતા હતા એટલે કે છૂટાછેડા લીધેલ સ્ત્રીઓને પોતાના અને બાળકોના ભરણપોષણની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જે સ્ત્રીઓની પરંપરાગત ભૂમિકા અને સ્ત્રી શિક્ષણ પ્રત્યેની સમાજની ઉદાસીનતા જવાબદાર કહી શકાય.
- મોટાભાગના ઉત્તરદાતાઓએ ૧૮ (૧૦૦%) એ કહ્યું હતું કે છૂટાછેડાને કારણે માતા-પિતાના ઘરે એટલે કે પિયર પક્ષ દ્વારા ખરાબ વર્તન કરવામાં આવતું. આવી સ્થિતિ સ્ક્રીને ઘણીવાર આત્મહત્યા તરફ દોરી જઈ શકે છે.
- મોટાભાગે ૮૮% સ્ત્રીઓએ કબુલ્યું હતું કે પિયરમાં ભાઈ-ભાભી તરફથી સૌથી વધારે. ખરાબ વર્તન તેમજ મેણા-ટોણાં મારવામાં આવતા ભાભી દ્વારા વારંવાર અપમાનિત થવું. પડતું હતું. આમ છૂટાછેડા લીધેલ સ્ત્રીનો દરજ્જો સમાજમાં નિમ્ન જાય છે તેવું તારણ મળે છે.
- મોટાભાગની ૮૩%ને છૂટાછેડા પછી કોઈ ખાસ આર્થિક સહાય નહોતી મળતી જેના કારણે તેમની આર્થિક સમસ્યાનો મોટો પ્રશ્ન હતો બાળકના ભરણ-પોષણનો પ્રશ્ન ઊભો થતો. આવા સંજોગોમાં તેમને નોકરી કરવી પડતી જેની બાળકના સામાજિકરણ ઉપર નકારાત્મક અસરો પડી શકે છે. મોટાભાગની મહિલાઓ છૂટાછેડા પછી પિયરમાં વસવાટ કરતી હતી જેથી તેમને પિયર પક્ષના સભ્યો પર આધારિત જીવન જીવવું પડતું હતું. જેથી સ્ત્રીઓને ખૂબ જ માનસિક દુ:ખ થતું હતું. આમ ભારતીય સમાજના સ્ત્રી પ્રત્યેના પરંપરાગત ધોરણ સ્ત્રી માટે ઘણી સમસ્યા રૂપ બની શકે છે. તેવું તારણ મળી રહે છે. મોટાભાગની છૂટાછેડા લીધેલ સ્ત્રીઓ સાથે (૫૫%) સાથે તેમના બાળકો રહેતા હતા જેથી તેમની સમસ્યાઓમાં બાળકોના શિક્ષણ, ભરણપોશની સમસ્યા જોવા મળી હતી કેમ કે, અગાઉ જોયું તેમ તેમને પતિ તરફથી આર્થિક સહાય નહોતી મળતી. આ બાબત બાળકોના સામાજિક વિકાસ માટે નકારાત્મક કહી શકાય.
- છૂટાછેડા પછી મોટાભાગની ૬૧% સ્ત્રીઓ નોકરી કરતી હતી. આવી સ્થિતિમાં કુટુંબને સાચવવું, ઘરનું કામ, તેમજ નોકરી, બાળકની સાચવણીના કાર્યમાં ઘણો સંઘર્ષ ઉભો થતો જે પિયર પક્ષમાં. કૌટુંબિક ઝઘડાનું કારણ બનતું હતું. છૂટાછેડા લીધેલ તમામ સ્ત્રીઓ બીજા લગ્ન કરવા માંગતી નહોતી કેમ ? તેમનું પ્રથમ લગ્નજીવન એટલું દુઃખી હતું કે તેના કારણે તેમને બીજીવાર લગ્ન કરવાની છૂટ હોવા છતાં કર્યા નહોતા.

**સંદર્ભ સૂચી**

૧. જોશી, વિદ્યુત અને અનિલ વાઘેલા (૨૦૧૨). મહુઆના એક કુટુંબનો અભ્યાસ
૨. શાહ, વિમળ પી. (૧૯૯૦). સંશોધન ડીઝાઇન
૩. શાહ, એ.જી. અને જે. કે. દવે લગ્ન કુટુંબ અને સગપણ સંબંધ
૪. દેસાઈ, અક્ષયકુમાર અને નીરા દેસાઈ સયુંકત કુટુંબ વ્યવસ્થા